# સ્વદેશીધર્મ.

# સ્વદેશીધર્મ.

લેખક
અધ્યાપક કાલેલકર.
રાષ્ટ્રીય ગુજરાતી શાળા, સત્યાગ્રહાશ્રમ, સાબરમતી.

પ્રકાશક—
સ્વામી આનંદ, સત્યાગ્રહાશ્રમ,
સાબરમતી.

ચાર આના. • સં. ૧૯૭૬

# પ્રસ્તાવના.

આ સાથેના લેખની પ્રસ્તાવના મારાથી લખી જાય એમ નથી. કેમકે લેખક મારા સાથી છે. હું એ લેખને વિષે એટલુંજ કહી શકું કે એમાં આવેલા વિચારો સ્વદેશીધર્મને શોભાવનારા છે; ને તેનો ઉપયોગ હિન્દુસ્તાન પૂર્ણતાએ કરો એમ હું ઇચ્છું છું.

મુંબઈ. } મોહનદાસ કરમચંદ ગાંધી.
ભીમ અગીઆરશ.

यद्भूतहितमत्यन्तं स धर्म इति निश्चयः ॥

* * * *

धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥

—भगवान् श्रीकृष्ण.

# સ્વદેશીધર્મ.

स पर्यगाच्छुक्रमकायमव्रणमस्नाविरꣳ शुद्धमपापविद्धम् ।
कविर्मनीषी परिभूः स्वयंभूर्याथातथ्यतोऽर्थान्व्यदधा-
च्छाश्वतीभ्यः समाभ्यः ॥

—ईशावास्योपनिषत् मं. ८.

ઈશ્વરે હમેશાં મનુષ્યરૂપ ધારણ કરીનેજ જગતનો, ઉદ્ધાર કરવા આવવું જોઇએ એવો કંઇ નિયમ નથી. મચ્છા-કચ્છ અથવા વારાહ બનીને પણ જે વિશ્વંભર જગત્‌ને તારેછે, તે તાત્ત્વિક રૂપ ધારણ કરીને—એકાદ વિશ્વવ્યાપી ભાવનાને રૂપે—પણ જગતનો ઉદ્ધાર કરી શકે. જગત્‌ની જરૂરીઆત મુજબ અગર કોઈ ચોકસ દેશની ચોકસ જરૂરીઆતોને અનુસરીને કોઇવાર ભોગવિલાસનું વાતાવરણ સર્વત્ર છવાઇ રહેછે, તો કોઇવાર ત્યાગવૃત્તિનાં પૂર આવીને મ્હોટા દેશના દેશ મઠ બની રહેછે. આવી વિશ્વવ્યાપી વૃત્તિને યુગધર્મ કહો, ઇશ્વરી આદેશ કહો, ઇતિહાસવિધાતાની લીલા કહો કે બીજું જોઇએ તે નામ

આપો—અમે તેને ઇશ્વરના અવતાર તરીકેજ ઓળખીશું. માણુસ માણુસ વચ્ચે પરસ્પર સંઘટન વધારી અસંખ્ય લોકોનાં સુખદુ:ખ એક દોરે પરોવીને સંસારમાં ભ્રાતૃ-ભાવનું બીજારોપણ કરવાની જ્યારે પરમાત્માની ઇચ્છા થઇ આવી ત્યારે અનેક પ્રાણવાન્ પુરૂષ–વિભૂતીઓમાં સામ્રા-જ્યની ભાવનાનો સંચાર થયો અને જોતજોતામાં જગત્માં જ્યાં ત્યાં મ્હોટમ્હોટાં સામ્રાજ્યો સ્થપાએલાં નજરે પડવા લાગ્યાં. કુલધર્મ, જાતિધર્મ, ગોત્રધર્મ, રાષ્ટ્રધર્મ એકે-એકના ચૂરેચૂરા થઇ જઇ એકાદ મહાન્ સામ્રાજ્યના નાગરિક બની રહેવું અને તેને વિસ્તારવાના કામમાં પોતાનું સર્વસ્વ હોમવું એજ સૌ કોઇને માટે યુગધર્મ બની રહ્યો. બીજી બાજૂએ આ અવતારની જાણે સહાય માટેજ વૈજ્ઞાનિક શોધો કરવાની માનવબુદ્ધિને પ્રેરણા થઇ, અને દેશનાં તેમજ કાળનાં બંધનો તોડી નાંખનારાં અનેક સાધનો મનુષ્યને હાથ લાગ્યાં. સામ્રાજયસ્થાપના એ ઇશ્વરી કાર્ય હતું, છતાં એ સામ્રાજ્યોને હસ્તીમાં આણુનારા બધા કંઇ ઇશ્વરી પુરૂષ નહોતા. ઇશ્વરી યોજના પાર પાડવાના કામમાં ઇશ્વર કયાં સાધનોથી કામ લેશે એની અટકળ માનવ બાંધશે શું?

એ સામ્રાજ્યનો યુગ હવે અસ્ત થયો જણાયછે. જર્મન સામ્રાજ્ય જમીનદોસ્ત થયું. રશિયન સામ્રાજ્યનાં ગોટલા–છોતરાં આજ ગણુતાં પાર આવે તેમ નથી. ખખડધજ આસ્ટ્રિઅન સામ્રાજ્ય જેમ ખાટલે પડી રામ-શરણુ થયું, તેમ ભોગક્ષીણુ તુર્કી સામ્રાજ્ય પણુ પંચત્વને

પામ્યું. અમારા બચપણમાં અમે જગતના નકશામાં જ્યાં ત્યાં રાજસત્તાક સામ્રાજ્યોજ જોતા. અમારી નાનપણની ભૂગોળમાં અમે અમેરિકા, ફ્રાન્સ અને સ્વિટ્ઝર્લેંડ એટલાંજ પ્રજાસત્તાક રાજ્યો જાણતા. આજે રાજસત્તાજ અપવાદરૂપ બની રહી છે, અને બ્રિટિશ તથા જાપાની એ બેજ નામ લેવાજોગ સામ્રાજ્યો પૃથ્વીના પડ ઉપર બચેલાં નજરે પડેછે! સામ્રાજ્યનો યુગ પલટાઇને આજ સ્વયંનિર્ણય ( Self Determination ) ના યુગની આણ વર્તી રહેલી દેખાય છે. પ્રેસિડેન્ટ વિલ્સને આ નવા બાળકનું નામકરણ કર્યું હશે પણ તેનું પાલનપોષણ કરી ઉછેરવાની તાકાત તેનામાં છે કે નહિ એ વાત સંશય પડતી છે. બ્રિટિશ રાષ્ટ્રે આ સિદ્ધાંતને અભિનંદન આપ્યું હશે, પણ તેને સેવવાની પાત્રતા બ્રિટિશ જાતિએ પ્રાપ્ત કરીછે કે કેમ એ વિષે હજુ અમને ખાત્રી નથી થઇ. તે ગમે તેમ હો, પણ સ્વયંનિર્ણયનો આ નવો સિદ્ધાંત આ યુગનો સિદ્ધાંત હોઇ તેનો સર્વત્ર વિજયજ નિર્માયો છે એ વાત ઉપર અમારી અઢળ શ્રદ્ધા છે.

આ સિદ્ધાંત જગતના ભાવિને પાલટશે એ સ્પષ્ટ છે. પણ અમે તેને અવતારપદ આપીશું નહિ. સૂર્યોદય પહેલાં સૂર્યનું આગમન સૂચિત કરનાર સૂર્યના છડીદારની પેઠે જેમ અરૂણોદય થાયછે અથવા ઈશુ ખ્રિસ્ત સરખો ઇશ્વરી પુરૂષ આવવાની અગાઉ જેમ જૉન ધિ બૅપટિસ્ટ તેના આગમનની તૈયારી કરવામાં ગૂંથાએલો હોય, તેમ આ સ્વયંનિર્ણયનો સિદ્ધાંત આજના યુગાવતારના આગ-

મનની એટલે સ્વદેશીધર્મસંસ્થાપનાની ભૂમિ તૈયાર કરી રહ્યો છે. દેશાભિમાનની ખાતર ગામડી કાપડ વાપરવાની હીલચાલને યુગાવતારની પ્રતિષ્ઠા પહેરાવતા જોઇને વાચક અમારા તરફ હસશે પણ આમાં આશ્ચર્યથી ચકિત થવાનું કે 'અશ્રદ્ધાન' બનવાનું કંઇજ કારણ નથી. સ્વદેશી એ એક સાત્ત્વિક, જીવનવ્યાપી અને શાંતિપ્રદ એવો ધર્મસિદ્ધાંત છે. આ સિદ્ધાંતદ્વારા સૌનું રક્ષણ અને સૌનું પાલન થવાનું છે. આ સિદ્ધાંતને હાથેજ આજે જગતમાં મચેલી જાદવાસ્થળીનો—પ્રજાઓનાં અંતરમાં ઘર કરી બેઠેલી કલહવૃત્તિનો—અંત આવવાનો છે. આ સિદ્ધાંતને પ્રતાપેજ દુનિયાંની મહાપ્રજાઓની મૂઢ સ્વાર્થવૃત્તિ નષ્ટ થઇને તેમની દષ્ટિ નિર્મળ થવાની છે. આ સિદ્ધાંતની અસરથીજ આ યુગના માનવની મનોરચના બદલાઇને સમાજના અંતઃકરણમાં રહેલા ભૂતદયા અને ઇશ્વરશ્રદ્ધાના પાયા પાકા થવાના છે. સ્વદેશીનો સિદ્ધાંત અહંકારના ખડકને ખોદી કહાડીને માનવજાતિને મોક્ષની અધિકારી કરનારો છે. આજ કારણથી અમે તેને અવતારપદ આપીએ છીએ. આવડા મહાન્ અવતારતત્ત્વને ધારણ કરવા આધાર પણ તેટલોજ પ્રાણવાન્ જોઇએ. એ પ્રાણ આજે હિન્દુસ્તાનમાં નથી એ નિર્વિવાદ છે. અને તેથીજ આ સ્વદેશી સિદ્ધાંત કેવળ દેશી કપડાં વાપરવાં એવડાજ વામનરૂપે આજ આપણી વચ્ચે પ્રગટ થયો છે.

હિન્દુધર્મમાં સ્વધર્મપાલનનો જે સિદ્ધાંત છે તે આ સ્વદેશીધર્મનું જ એક અંગ છે. લોકસંગ્રહનો આદેશ

સુદ્ધાં ભગવાને આ સ્વદેશી સિદ્ધાંતને અનુસરીનેજ આપ્યો છે. સ્વદેશી સિદ્ધાંતના મૂળમાં એ તત્ત્વ રહેલું છે કે આ અખિલ વિશ્વમાં વ્યવસ્થા કરનારી—ચોકસ હેતુ-પૂર્વક આખું વિશ્વચક્ર ફેરવનારી--એવી એક મંગલશક્તિ છે.* આ વિશ્વરચનામાં કયાંક કંઇક બગાડો થયોછે અને આપણે બધાએ ચોમેર નિકળી પડીને તે સુધાર્યેજ છૂટકો છે, એવો નાસ્તિક અહંકાર સ્વદેશીધર્મમાં નથી. ઈશ્વરી યોજના મુજબ બધું વ્યવસ્થાપૂર્વક ચાલેછે, અને ચાલ્યાં કરવાનું છે. જેમ વડની ઉન્નતિ કરી દેવાનું કામ પીંપળાનું નથી, કિંવા ઘેટાની ઉન્નતિ વરૂએ સાધી આપવાની નથી, અગર ઉંદરે બિલાડી પર પરોપકાર કરવા દોડવું એ પણ એનો ધર્મ નથી, તેમ એક પ્રજાએ બીજી પ્રજાના જીવન ચરિતાર્થનો ભાર ચોખ્ખી પરોપકારબુદ્ધિથી સુદ્ધાં સ્વીકારવો સંભવિત, ઇષ્ટ તેમજ હિતકારક નથી. જે કાળમાં આપણે જન્મ લીધો તે જમાનાનીજ સેવા કરવી એ જેમ આપણે માટે અપરિહાર્ય છે, તેજ પ્રમાણે જે દેશમાં આપણો જન્મ થયો તે દેશનીજ આપણે સેવા કરવી અને તે દેશનીજ સેવા આપણે લેવી એવી એ વિશ્વનિયંતાની ઇચ્છા છે, આવો સ્વદેશીનો સિદ્ધાંત છે. કુશળ સેનાપતિના હાથ નીચે લડનારો એકાદ સુબેદાર કે સિપાઇ પોતાના આખા લશ્કરનું અભિમાન ધરાવતો છતો પોતાને મુકરર કરી આપેલા કામથી બ્હારના કામમાં જેમ માથું મારતો નથી, તેવીજ રીતે સ્વદેશીનો સાચો ઉપાસક પણ વિશ્વબંધુત્વથી દ્રવતો છતો જન્મ અને સ્વભાવદ્વારા પોતાને ભાગે આવેલી સ્થિતિ પૂરતોજ વિચાર કરેછે.

*જુઓ ઈશાવાસ્યોપનિષદ્ મંત્ર ૮.

## સ્વદેશીધર્મ.

સ્વદેશીધર્મ એ પતિવ્રતાધર્મ જેવો છે. પતિવ્રતા સ્ત્રી જેમ ગમે તે સ્થિતિ વચ્ચે પણ પતિનીજ સેવા કરશે અને પતિ તરફથીજ સુખ મેળવવાની અપેક્ષા રાખશે, તેવીજ રીતે સ્વદેશીનો ઉપાસક પણ ગમે તેવી પરિસ્થિતિ વચ્ચે સુદ્ધાં સ્વધર્મનેજ વળગી રહેશે; સ્વભાષાનીજ મારફત પોતે કેળવણી લેશે અને પોતાની આસપાસનાંઓને આપશે; સ્વજનના ઉત્કર્ષમાં પોતાનો ઉત્કર્ષ માનશે; પોતાના રાષ્ટ્રની સંસ્કૃતિમાંથીજ પોતાનો મોક્ષમાર્ગ શોધી કહાડશે; પોતાનાજ સમાજને વળગેલા દોષ ધોવા અહોરાત્ર મથશે, અને એવી 'સ્વકર્મ રૂપી અભ્યર્ચના'દ્વારાજ તે વિશ્વની અને વિશ્વંભરની ભક્તિ કરશે. પતિવ્રતાના ધર્મમાં જે પાવિત્ર્ય રહેલું છે તેજ સ્વદેશીધર્મમાં રહેલું છે. કોઈ પણ ખાનદાન ખેડૂત પોતાના ખેતરમાં પેદા થએલું અનાજ બજારમાં વેચી બજારૂ અનાજ વેચાતું આણીને ખાશે નહિ. ઘરનું અનાજ સારૂં નહિ હોય તો બીજે વર્ષે સારૂં અનાજ પેદા કરવા એ અથાગ મહેનત કરશે. રાત કે દહાડો નહિ જુએ. પણ કોઠીમાં અનાજ છતે વેચાતું લાવીને ખાશે નહિ. સ્વદેશી વૃત્તિનો માણસ પડોશના ગામમાં એકાદી વસ્તુ બે પૈસે સોંઘી મળેછે એટલાજ ઉપરથી પોતાના ગામના દુકાનદારને તરછોડીને પરગામના વેપારીને બારણે જશે નહિ.

"श्रेयान् स्वधर्मो विगुणः।" "परधर्मो भयावहः।"

"स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धिं लभते नरः।"

આ સ્વદેશીના મૂલમંત્ર છે.

૨

પણ અહીં સુધી આ સ્વદેશી સિદ્ધાંતની એકજ બાજૂની ચર્ચા થઇ. આની બીજી બાજૂ થોડા—છેકજ થોડા—લોકોના લક્ષમાં આવી હશે. ગમે તેવાયે પરદેશી માલની જગ્યાએ દેશી—હિન્દુસ્થાનમાં બનેલા—માલનેજ આપણે ખસૂસ કરીને પસંદ કરવો જોઇએ એ વાત તો હવે ઓછાવત્તા પ્રમાણમાં પણ સૈ કોઇને ગળે ઉતરી ચૂકી છે; પણ આવું સ્વદેશી પાળનાર ઘણાના મનમાં હિન્દુ-સ્થાનનો માલ પણ બધી દુનિયામાં—દેશદેશાવર—ખપે, એટલુંજ નહિ પણ પાશ્ચાત્યોની ભાષામાં કહીએ તો હિન્દી બનાવટનો તરેહવાર માલ આખી દુનિયાની બજારોને કબજે કરે, એવી મહત્ત્વાકાંક્ષા મોટે ભાગે નથી હોતી શું ? પણ યથાર્થ સ્વદેશીનો સાચો ઉપાસક તો આવી મહત્ત્વાકાંક્ષામાં સ્વદેશી સિદ્ધાંતનો ચોખ્ખો નાશ થતો જોશે, અને અસ્પશ્ય વસ્તુની પેઠે એની આભડછેટ માનીને એવી દુર્વાસનાથી એ દૂર રહેશે. સ્વધર્મનો ત્યાગ કરવો એ જેટલું નિંદનીય તેટલુંજ બીજાને તેના ધર્મથી ચળાવવો એ નિંદનીય છે. આજ કારણથી ઉદાત્ત હિન્દુધર્મે વિધર્મીઓને પોતાની પાંખમાં પકડવાનો કોઈ કાળે પ્રયત્ન કર્યો નથી. જે લોક હિન્દુ સંસ્કૃતીમાં સ્વભાવે કરીને મળી ગયા અને હિન્દુધર્મમાં આવવા તૈયાર થયા, તેમનો હિન્દુધર્મે આજ લગી ત્યાગ

નથી કર્યો, પણ તેમની ઇલાયદી જાત બનાવી લઇને તેમનો સ્વીકાર કર્યો છે. હિન્દુસમાજમાં આ સ્વદેશી વૃત્તિ છે, તેથીજ કોઇ પણ માણસની પાસે ધર્માંતર કરાવવું એને માટે એણે 'વટલાવવું' એવો નિંદાસૂચક શબ્દ રાખ્યો છે. પોતાના દેશનો માલ પરદેશ મોકલીને જાતજાતની લાલચો બતાવીને અગર દમ ભરાવીને ત્યાંના લોકોને ગળે બાંધવો એ તે લોકોને તેમના સ્વદેશીધર્મમાંથી વટલાવ્યા બરોબર છે, આ થોડો વિચાર કરી જોતાંજ સમજાય તેવી વાત છે. આજ હિન્દુસ્થાનનું સ્વદેશીવ્રત જેમ એકેએક હિન્દી સ્ત્રીપુરૂષ અને બાળકે હિન્દુસ્તાનમાં તૈયાર થએલીજ વસ્તુ વાપરીને જીવન નભાવવામાં રહેલું છે, તેમ ઇંગ્લંડને પણ આજ સ્વદેશીવ્રત પાળવું હોય તો અંગ્રેજ લોકોએ આજ પોતાના દેશમાં તૈયાર થતો માલ નફાની ખાતર બીજા કોઇ પણ દેશમાં લઇ જઇને ખડકવાનું છોડી દેવું જોઇએ. કેળવણીની બાબતમાં હિન્દુસ્થાને સ્વદેશીવ્રત પાળવું હોય તો ત્યાં પણ હિંદી સંસ્કૃતિને સર્વથૈવ અનુકૂળ અને પોષક એવીજ શિક્ષણ-પદ્ધતિ આપણે આપણા માટે ઘડી લેવી જોઇએ. એથી ઉલટું ઇગ્લંડને આજ બાબતમાં સ્વદેશીવ્રત અંગિકારવું હોય તો બધી દુનિયાના દેશોના જાતીય અને રાષ્ટ્રીય પ્રશ્નો તે તે દેશના લોકોએ ઇંગ્લિશ દષ્ટિએજ ઉકેલતાં શીખવવાનો આગ્રહ મૂકી દીધેજ એને છૂટકો રહ્યો. યૂરોપી રાષ્ટ્રપૂજાધર્મ (Nationalism)માં સ્વદેશીતત્ત્વ નથી રહેલું તેથીજ યૂરોપને આટઆટલા કાળ શાંતિથી ઠરી ઠામ બેસવા વારો નથી આવ્યો.

## સ્વદેશીધર્મ.

જે ધર્મમાં સ્વદેશીતત્ત્વ રહેલું નથી તે આસુરીધર્મ છે. એ ધર્મ અનુસરવામાં યૂરોપે આટલા કાળ ગાળ્યા; આજકાલ એશિયામાં જાપાને એ આસુરીધર્મની ઉપાસના આદરેલી દેખાય છે. આ આસુરીધર્મ વિષે આપણા શાસ્ત્રકારો આમ કહે છે:—

"वर्धत्यधर्मेण नरस्ततो भद्राणि पश्यति।
ततः सपत्नान् जयति समूलस्तु विनश्यति॥"

સ્વદેશીની શુદ્ધ ભાવના દુનિયાના દેશેદેશના જીવનમાં જ્યાં લગી નહિ વ્યાપી રહે ત્યાં લગી જગતમાં સુલેહશાંતિની આશા રાખવી ધૂમાડાના બાચકા ભર્યા બરોબર છે. યૂરોપને ગળે જ્યાંસૂધી સ્વદેશીતત્ત્વ નથી ઉતર્યું ત્યાંસૂધી 'યલો પેરિલ'નું પિશાચ તેની આંખ આગળ અહોરાત્ર તરશે; ત્યાંસૂધી 'વ્હાઇટમૅન્સ બર્ડન' તેની તીવ્ર પરમાર્થ-બુદ્ધિ પાસે અનેક ધર્મસંકટો વ્હોરાવશે; ત્યાંસૂધી 'બૅલન્સ ઑફ્ પાવર'ની ચિંતા તેના રાજદ્વારીઓને હાથે ગુપ્ત સંધિઓ અને વચનભંગોના પાયા ઉપર સંસારમાં 'ધર્મરાજ્ય' સ્થાપવાના અનેક અટ્ટહાસો કરાવશે! ઇશ્વરે આ ગોરા લોકોની જોડે વહેંચણ કરી લીધી હતી શું, કે આ કાળા લોકોને સરજાવવાનું કામ મારૂં અને સુધારવાનું તમારૂં? સ્વદેશીનો તો પરમેશ્વરના ઉપર પૂરેપૂરો ભરોસો છે; અને તેવીજ શ્રદ્ધા જ્યારે સ્વદેશી સિદ્ધાંત ઉપર માનવ-માત્રને બેસશે ત્યારેજ માનવજાતિને શાંતિનો તેમજ ઇશ્વરનો સાક્ષાત્કાર થશે.

## ૩

સ્વદેશી એ આજનો યુગધર્મ છે, અથવા ચાલૂ જમાનાનો ઇશ્વરાવતાર છે એમ અમે પાછળ કહી ગયા; અને આ અવતારનું આજ હિન્દુસ્તાનમાં પ્રાગટ્ય થયું છે એમ પણ અમે જાહેર કરી ચૂકયા. પણ આટલા ઉપરથી શેખાઇ જઇને હવે આપણે કંઇજ કરવાપણું ન રહ્યું, સ્વદેશીનો અવતાર થયો એ જાણે આપણી ઉન્નતિનો વિમો ઉતરી ચૂકયો, એમ માનવાનું જરા પણ કારણ નથી. સ્વદેશીને ધારણ કરવાને જે શ્રદ્ધા અને જે પ્રાણ હિન્દુસ્તાનમાં જોઇએ તે આજ આપણામાં નથી એ કબૂલ કરવુંજ જોઇએ. હિન્દુસ્તાનની આજ આટલી પડતી થઇ તે કંઇ અકારણ નથી થઇ. આપણે સારા, આપણો ધર્મ સારો, આપણી સંસ્કૃતિ સારી, કેવળ દૈવની અવકૃપાથી આપણી આવી દશા થઇ છે, એમ તો આપણાથી કહીજ કેમ શકાય? સામાન્ય લોકો ભલે કપાળે આંગળી અડકાડી નશીબની વાતો કરે અગર દૈવ ઉપર દોષનું જાળું ઓઢાડે, પણ પ્રજાનું કપાળ તેના કાંડામાં અને તેનાં હૃદયબળમાં રહેલું છે એ ઐતિહાસિક સત્ય આપણે સમજયેજ છૂટકો છે.

•

આમ જે પાપને પરિણામે હિન્દુસ્તાન પોતાની આટલી પડતી જોઇ રહ્યું છે તે પાપનાં મૂળ શોધવાં એ રાજકીય દૃષ્ટિએ આપણી પહેલી ફરજ રહી. હવે ઇતિહાસનો કે સમાજશાસ્ત્રનો ભારે અભ્યાસ કર્યાનો દાવો ન કરતાંયે એમ બેધડક કહી શકાય કે હિન્દુસ્તાન સ્વદેશીની ઉપાસના યથાર્થ રીતે કરવામાં બેદરકાર બન્યું તેથીજ તેની પડતી થઇ. આપણે પરદેશી માલ લેવા લાગ્યા; પોર્તુગીઝોથી માંડીને અંગ્રેજો સૂધી બધા તામ્રમુખી લોક એ વેપારને બ્હાને આ સુવર્ણભૂમીમાં આવ્યા એ વાત આજ જગજાહેર છે. પણ સ્વદેશીધર્મ વિરૂદ્ધ વર્ત્યાનું આપણું પાપ આથી પુષ્કળજ પુરાણું છે. દયાળુ વિશ્વપિતા પહેલાજ ગુન્હાને માટે ભારે સજા નથી કરતો. વિશ્વામિત્રના હાથથી પોતાનો બચાવ કરવા સ્વશરીરમાંથી મ્લેચ્છ, યવન, શબર, શકાદિ પરકીય લોકોને ઉત્પન્ન કરનારી કામધેનૂએ સૌ પહેલો આ ગુન્હો કર્યો એમ અલંકારિક ભાષામાં કહી શકાય. હંસપદિકા જેવી રાણીઓને પોતાના રણવાસમાં સુરક્ષિત રાખવાને લોભે ગ્રીસની કે બૅક્ટ્રિઆની યાવની બાંદીઓને આયાત કરનારા પૌરવ રાજાએ આ પાપ કર્યું. સુવર્ણને લોભે લોભાઇ વસુંધરાને ખેડી ખેડીને અને ખોદી ખોદીને અહીંની તરેહવાર સંપત્તિ તેમજ સ્વાદિષ્ટ મસાલાઓ ફારસ, મિસર, રૂમશામ, વગેરે દેશોમાં મોકલનારા આપણા પૂર્વજોએ આ પાપ કર્યું. તકલાદી વિલાયતી માલની આયાત રૂપે હિંદુસ્તાનને વળગેલી જીવલેણ જળોનું જે દુઃખ આજ આપણને થઇ રહેલ છે

તેજ દુઃખ રોમન સામ્રાજ્યમાંથી દર વરસે સાત લાખ રૂપીઆનું સોનું હિન્દુસ્તાન જતું જોઇ જોઇને પ્લીની જેવા રોમન દેશભકતોને થતું. [છતાં જે હિન્દી ઇતિહાસકારો આજ હિંદુસ્તાનનું લોહી ઉપલી રીતે ચૂસાતું હોવા માટે આંસુ ઢાળી રહ્યા છે તેજ ઇતિહાસકારો મ્હોટા અભિમાનપૂર્વક પ્લીનીના વર્ણવેલા વિલાપને હિંદની પ્રાચીન જાહોજલાલીના પુરાવા તરીકે રજૂ કરેછે! પુરાણા પાપનું અભિમાનભર્યું સ્મરણ એ એનું પુનરાવર્તનજ નહિ તો બીજું શું ?] હિન્દુસ્તાનમાં વિલાસની વસ્તુઓ બનાવીને પરદેશના લોકોને ગળે બાંધવામાં સ્વદેશીધર્મ વિરૂદ્ધ આપણે જે પાપ કર્યું તે પાપના પ્રાયશ્ચિત્ત તરીકે પરમેશ્વરે હિન્દુસ્તાન ઉપર ગ્રીક, સીથિઅન્સ, હૂણ, યૂએચી વગેરે લોકોની ચડાઇઓ મોકલી.

પણ આ હજુ માત્ર પ્રાયશ્ચિત્ત હતું, ગુન્હાની સજા ન હતી. પ્રાયશ્ચિત્તનો કાળ પૂરો થતાં આર્યોની સત્તા પાછી જામી. પણ વિવેકભ્રષ્ટ થએલા લોકોમાં ઇતિહાસનું અવલોકન કરી જોવાની દૃષ્ટિ આવે શાની? આપણે આપણો ક્રમ જેમનો તેમ ચાલૂ રાખ્યો. આગળ જતાં એ વેપારમાં ભાગ પડાવવા આરબોએ જોર કર્યું. સુમારે અઢી હજાર વરસપર સિંધ પ્રાંતને ઈરાનના બાદશાહ ડેરિઅસના ખજાનામાં દરસાલ એક કરોડ રૂપીઆનું સોનું પહોંચાડવુંજ પડતું. એજ સિંધ પ્રાંત હવે એટલે ઇ.સ.ના ૮મા સૈકામાં આરબોએ કબજે કર્યો. આ દશા આવી પહોંચી છતાંયે સ્વદેશીધર્મથી વિમુખ થએલા હિન્દી રાજા-

ઓની આંખ ઉઘડી નહિ. એ તો સિંધમાં ઉભરાતા આજ આરબ લોકોની જોડે બેદખલ વેપાર ચલાવીને સોનાના મહેલ બંધાવવામાં મશગુલ હતા! [અફ્સોસ એ છે કે આપણા ઇતિહાસકારો આ પુલ્કેશી અને અમોઘવર્ષ જેવા રાજાઓના મ્હોટા અભિમાન સાથે ઉલ્લેખ કરીને તેમના સમયને 'સુવર્ણકાળ' જેવાં નામો આપેછે! આ રાજાઓએ બ્રાહ્મણોને અને શ્રમણોને હજારો નિષ્ક દક્ષિણા આપી હશે, પણ એ નિષ્ક સ્વદેશીધર્મનું ઉલ્લંઘન કરીને મેળવેલા હતા એ આ ઇતિહાસકારોનાં લક્ષમાં આવે કયાંથી? ] હિન્દુસ્તાના હાડમાં જો કોઇ ખાસ દુર્ગુણ હોય તો તે તેની ગાફેલગિરી છે. આરબ લોકોએ સિંધ લીધો, છતાં પછીનાં ત્રણસો વરસ સૂધી તેમનો હિન્દુસ્તાનને ઝાઝો ઉપદ્રવ ન થયો. પણ ત્રણત્રણસેં વરસ વીત્યાં છતાં હિન્દુસ્તાનની આંખ કંઈ ઉઘડી નહિ. જેમણે સ્વદેશીધર્મ છોડયો તેમની પાસે ઇશ્વર રાજ્ય છોડાવે છે. હિન્દુસ્તાનમાં મુસલમાનોનું રાજ્ય થયું તે વખતે જે લોકો બીકના માર્યા મુસલમાન થયા તેમણે તો ધર્માંતર કરીને સ્વદેશીધર્મનો ભંગ કર્યોજ, પણ દિલ્લીપતિની મહેર મેળવી તેના કૃપાપાત્ર બનવાની ખાતર ધર્માંતર કરવાનું મહત્પાપ માથે લેનારાઓની સંખ્યા કંઇ ન્હાની સૂની ન હતી. હિન્દુસ્તાનમાં ભાવિ સંકટ પારખવાની દૃષ્ટિ નથી. જૂના વળગાડ કાઢવામાંજ એ પોતાની બધી શક્તિઓ હોમ્યાં કરે છે. આ દેશમાં સ્થાયી થએલા મુસલમાનો જોડે હિંદુઓ લડવા લાગ્યા એ અરસામાં યુરોપીઅન લોકોના આ દેશમાં

આવવામાં કંઇ સંકટ રહેલું છે એવી શંકા સરખી હિન્દુસ્તાનને ન આવી. બીજી બાજૂ જુઓ તો અંગ્રેજ અને ફ્રેંચ કર્ણાટકમાં પોતાનો પગ જમાવવાના હેતુથી દિલ્લીના નામધારી બાદશાહની પાસેથી રાજદ્વારી હકો અને સનદો કઢાવવામાં ગૂંથાએલા હતા.

આપણે ત્યાંનો માલ પરદેશમાં લઈ જઇ વેચવા માંડીને આપણે સ્વદેશીવ્રતનો ભંગ આરંભ્યો. આજે પરદેશી માલ ખરીદ કરવામાં દેશનો એકેએક ઉદ્યોગ ડૂબાવી દેવાની હદ સૂધી આપણે આવી પહોંચ્યા છીએ. આમ છતાં હજૂ આપણી અક્કલ ઠેકાણે આવી હોય અને આપણી દષ્ટિ બરાબર નિર્મળ થઇ હોય એમ દેખાતું નથી. અંગ્રેજોનું રાજ્ય અહીં પાકે પાયે થઇ ગયું. તેમને અહીં પોતાનો પગ જમાવવો જેટલો સંભવિત હતો તેટલો તેઓ જમાવી ચૂકયા. આથી વધારે કંઈ કરવાપણું એમને રહ્યું નથી દેખાતું. ઉલટું પોતાનો એ પગ અહીં ચિરકાળ ટકી રહે એટલા માટે પોતાની પકડ કંઇક ઢીલી કરવા આજ તેઓ તૈયાર થયા છે. આવા સંજોગો વચ્ચે શુદ્ધ સ્વદેશીનેજ વળગી રહેવાને બદલે વિલાયતી માલનો બહિષ્કાર કરવાના મોહમાં પડવા જતાં અમેરિકન અને જાપાની સાપને ઘરમાં ઘાલવા આપણે તૈયાર થઇશું? અંગ્રેજોની જોડેના વેપારથી આપણું જેટલું નુકસાન થનાર હતું તે થઇ ચૂકયું છે. શુદ્ધ સ્વદેશીથી તે આપણે ધોઇ શકીશું. પણ ભ્રમણામાં પડીને અમેરિકન અને જાપાની વેપારનું ભાવિ સંકટ જો આજ આપણે દેખતી આંખે વ્હોરી લઇશું, તો

સ્વદેશદ્રોહીઓને કપાળે લખાતું નરક, અને ભાવિ પ્રજાના શાપ આપણે માટે ચોક્કસ સમજવાં. યુરોપીઅનોનો વેપાર હિન્દુસ્તાનમાં ચાલૂ ન થયો હોત તો તેમને અહીં રાજ્ય સ્થાપવાની બુદ્ધિ ન થાત એ જેટલું ખરું છે, તેટલુંજ જાપાનીઓનો વેપાર હિંદુસ્તાનમાં વધી પડશે તો એમને સુદ્ધાં અહીં રાજ્ય સ્થાપવાની બુદ્ધિ થયા વગર રહેશે નહિ એ પણ ખરું છે. પરદેશી માલ—પછી તે અંગ્રેજી હો કે જાપાની, અમેરિકન હો કે બીજા કોઇ દેશનો હો—જ્યાંસુધી આપણે લઇશું ત્યાંસુધી આપણે સ્વદેશીના દ્રોહી રહીશું. જે વાત પરદેશી માલની બાબતમાં લાગૂ પડેછે,તેજ રહેણીની બાબતમાં, કેળવણીની બાબતમાં, કળામાં, સંસ્કૃતિના સ્વરૂપની બાબતમાં, બધેજ લાગૂ પડેછે. માલની બાબતમાં સ્વદેશીવૃત્તિ રૂંવેરૂંવે વ્યાપી રહેવા જેટલી જ્યારે આપણી તપશ્ચર્યા થશે ત્યારેજ આ વધુ વિશાળ બાબતો આપણને બરાબર સમજાવા લાગશે, અને સ્વદેશીના નૂતન અવતારને ધારણ કરી શકનાર પ્રાણ આપણામાં જાગૃત થશે. આટલા માટે શુદ્ધ સ્વદેશીનું સ્વરૂપ ઓળખીને તેની ઉપાસના કરવાની તપસ્યા આપણા સૌને હાથે થાય એવો આવો આપણે શુભ સંકલ્પ કરીએ.

## ૪

સ્વદેશી એ વિશ્વવ્યાપી ધર્મ કઇ રીતે છે, અને માનવજાતિને માટે એ કેવો તારણહાર સિદ્ધાંત છે, એ વિષે અમે પાછળ વિવેચન કરી ગયા. હવે જીવનનાં અનેકવિધ

અંગો ખેડતાં મનુષ્યની સન્મુખ ઉભા થનારા અનંત પ્રસંગોએ એ સિદ્ધાંત કઈ રીતે લાગૂ કરવો જોઇએ એ વિષે કંઇક નિર્ણયસૂચક નિયમ બાંધવો જોઇએ. કારણ આ ધર્મ અત્યંત અણુ એટલે સૂક્ષ્મ છે. પોતીકાનો ત્યાગ કરીને પારકાનું સેવન કરવું એને સ્વદેશીધર્મમાં મહાપાપ માન્યું છે. પણ પોતીકું કોને કહેવું અને કઇ હદ ઓળંગ્યા પછી આપણે પારકાની સરહદમાં દાખલ થયા કહેવાઇએ, એનો ખુલાસો તેટલીજ ઝીણવટપૂર્વક થવો જોઇએ; નહિ તો બધો ગોટાળો મચે અને પ્રજાઓનાં જીવન ચૂંથાઈ જાય. કોઇ હિન્દુઓએ અજ્ઞાનથી, ડરથી અગર લોભથી પોતાનો ધર્મ છોડીને અગાઉ મુસલમાનધર્મ ગ્રહણ કર્યો હશે; તેમ કરવું તે કાળે પાપ થયું; એટલા માટે આજ કંઈ હિન્દુસ્તાનમાંના એકેએક મુસલમાનને પારકા ગણી શકાય નહિ. જે થયું તે થઇ ગયું. ભૂતકાળના પેટમાં શમી ગએલા ઉકેરા ઉખેળી કહાડી ફરી તાજા કરવા એ પણ સ્વદેશીધર્મની વિરૂદ્ધ છે. કેટલીક ભૂલોજ એવી હોયછે કે જે સુધારી શકાય નહિ. એક રીતે કરવા જતાં ભૂલ થઇ એ જોઇ એથી ઉલટી રીતે કરવા બેસીએ તો નવીજ ભૂલ થઇ બેસેછે. દાખલા તરીકે કોઇનો ખાનગી બગીચો હોય, તેમાં થઇને પસાર થવાની મનાઇ હોય, છતાં ભૂલથી કે સમજીને આપણે એકવાર તેમાં પેઠા અને સામી બાજૂ નિકળ્યા; તો એ સ્થિતિમાં એ ભૂલનું ક્ષાલન એજ બાગ વીંધીને પાછા આ બાજૂ આવવામાં નથીજ રહેલું. એમ કરવાથી તો એક વધારાનોજ ગુન્હો કર્યો ગણાશે.

## સ્વદેશીધર્મ.

કેટલાક અન્યાય કાળે કરીને ધોવાઇ જાયછે જ્યારે કેટલાક ભરનીંગળ ગૂમડાની પેઠે પ્રજાશરીરને વળગી રહી સદા સંતાપનારા હોયછે. આ બીજા પ્રકારના અન્યાય ગમે તેટલો કાળ વીતે તોપણ અન્યાયજ રહેછે. જ્યારે જ્યારે બને ત્યારે ત્યારે પ્રજાએ તેમને પોતાના પુરૂષાર્થ વડે ધોઇ કહાડવા જોઇએ. ગમે તે કારણે પણ આપણામાંના કેટલાક એક કાળે મુસલમાન થયા; તેમના વંશજો આજ મુસલમાની રીતરિવાજ તેમજ સંસ્કૃતિમાં મળીને એકજીવ બની ગયા. તેમને આજ પોતાનો મુસલમાની ધર્મ છોડી પાછા હિંદુ થાઓ એવું કોઇ સ્વદેશીનો ઉપદેશક કહેશે નહિ. એવા હિન્દી મુસલમાનોએ ઇસ્લામ મારફતજ પોતાની ઉન્નતિ કરી લેવી રહી. હિન્દુધર્મમાં તેમને જે કંઇ સારૂં દેખાતું હોય તે તેઓ મુસલમાનધર્મમાં દાખલ કરી શકેછે. તેમ કરવાની તેમને પૂરેપૂરી છૂટ છે. એજ રીતે મુસલમાન સંસ્કૃતિમાં તેમને જે કંઇ અનુચિત અગર બેહૂદું દેખાતું હોય તેનો તેઓ ત્યાગ કરી શકે છે; તેમ કરવાનો તેમને હક છે. જે બૂરૂં છે તે કદિ ધર્મ્ય નથી. બૂરાનો ત્યાગ કરવામાં ધર્મ કદાપિ આડે આવતો નથી. અને આથીજ ધર્માંતર કરવાની જરૂર નથી એ વાત સિદ્ધ થાયછે.

આમ સુધારી શકાય અને કોઇ પણ કાળે ન સુધારી શકાય એવા અલ્પકાલીન તેમજ કાયમના અન્યાયના સૂક્ષ્મ ભેદ સ્વદેશીધર્મમાં વિહિત છે. કોઇપણ કાળે જેનું ક્ષાલન નથી થઇ શકવાનું એવા એક વિરાટ અન્યાયનું જગવિખ્યાત ઉદાહરણ સ્પૅનિશ, ફ્રેંચ, અંગ્રેજ વગેરે યુરોપીઅન લોકોએ

'રેડ ઈન્ડિઅન' લોકોના દેશમાં જઈને કરેલી વસાહતનું છે. પોતાના વતનમાં રહી નિર્દોષપણે જીવન ગુજારનારી બિચારી 'રેડ ઇન્ડિઅન' જાતિની, શિકાર કરે તેમ હકનાક કતલ કરીને યુરોપીઅનોએ તેમનો દેશ ઝૂંટવી લીધો, આ દુનિયાના ઇતિહાસમાં હિમાલય જેવડો અન્યાય થયો એ જેટલું સાચું છે તેટલુંજ એ ઘોર અન્યાય ઇતિહાસમાં ભલે 'યાવચ્ચંદ્રદિવાકરૌ' ગવાય તોપણ આજ એનો ઉપાય કરવાપણું નથી રહ્યું એ પણ ખરૂં છે. 'હરનાન્ડો કૉર્ટેજ' ના કાળના એ જાલીમ જુલમોના પ્રાયશ્ચિત્ત તરીકે અમેરિકામાં વસતા એકેએક યુરોપીઅનને આજ અમેરિકા છોડી યૂરોપ પાછા ચાલ્યા જવાનું કહેવું શું ? સ્વદેશી સિદ્ધાંતની દૃષ્ટિએ તો એ એક નવોજ અન્યાય કર્યા બરાબર ગણાશે.

આમ જગતના ઇતિહાસમાંનો આ ભયાનકમાં ભયાનક અન્યાય સુદ્ધાં સ્વદેશીધર્મની દૃષ્ટિએ અલ્પકાલીન અને તેથી ગઇગુજરીમાં ગણવા યોગ્ય ઠરેછે. આથી ઉલટું કાયમના અન્યાયનો આજ ઘરનોજ દાખલો જોવો હોય તો તે આપણા અંત્યજોની આભડછેટનો છે. આ પાપી રિવાજને પડયે ગમે તેટલા કાળ ભલે વીત્યા હોય, હિન્દુ-સમાજના શરીર ઉપર એ એક વહેતો જખમ છે. તેનો ઇલાજ કર્યેજ આપણો છૂટકો છે. હિન્દી પ્રજાના રાજદ્વારી ધ્યેયની ચર્ચા કરતાં આ દેશના એક ક્રાંતિવાદી આગેવાને એકવાર એવું જાહેર કર્યું હતું કે અંગ્રેજોએ હિન્દુસ્તાનની ઉપર જેટલા કાળ સૂધી જુલમ કરી કરીને રાજ કર્યું હશે, અને હિન્દુસ્તાનને ચૂસી ચૂસીને જેટલો પૈસો આ દેશમાંથી

ઘસડી ઘરભેગો કર્યો હશે, તેટલાં વરસો સુધી જ્યારે હિન્દુસ્તાન ઈંગ્લંડ ઉપર રાજ્ય કરશે અને તેટલો પૈસો અંગ્રેજી પ્રજા પાસેથી મારી નીચોવીને વ્યાજ સાથે પાછો ઓકાવશે ત્યારેજ હિન્દુસ્તાનને તેના પર ગુજરેલા સિતમોનું યોગ્ય વળતર મળ્યું ગણાશે. સ્વદેશીપ્રધાન હિંદુધર્મ કદાપિ આવું ધ્યેય સ્વીકારશે નહિ. સ્વદેશીનો ઉપાસક સ્વાભાવિક-પણેજ બોલી ઉઠશે કે એ બધું સાચું હોય તોપણ જે થયું તે થઇ ગયું; વીત્યું. એકે આવીને આપણી ગાય મારી એટલે આપણે જઇને તેના ઘરની વાછરડી મારવી શું? થવાનું હતું તે થઈ ગયું; ગુજર્યું. જેનો કશો અવશેષ આજ બાકી ન રહ્યો, જેના ઉપર કાળનો પડદો પડ્યો, તે પ્રભુને ખોળે સમાયું; તે મૃત્યુ પામેલાંઓને અપાતા માનનું અધિકારી થયું. એ બનાવો બન્યા ત્યારે ભલે ગમે તેટલા અન્યાયભર્યા હોય, આજ તે ગઇગુજરીમાં ભળ્યા એટલે તેને ઇતિહાસવિધાતાની મંજૂરી મળી એમજ માનવું ઘટે. સ્વદેશીધર્મ તો એમજ કહેશે કે જે થયું તે થઇ ગયું. ક્રોડ ઉપાય કીધે એ હવે બદલી શકાવાનું નથી. ઇશ્વરને ઘેર એ કબૂલ હતું એમજ ગણવું જોઇએ. એમ ન માનવું એ અશ્રદ્ધાનું લક્ષણ.

થયું તે થઇ ગયું. વીત્યું. છતાં જે છે, જે અકબંધ કે ઓછુંવત્તું પણ બાકી રહ્યું છે, તેનો વિચાર તો કર્યેજ છૂટકો રહ્યો. '**स्थितस्य गतिश्चिन्तनीया।**' ઇશ્વરે વર્તમાન-કાળ માનવને પોતાનો પુરૂષાર્થ અજમાવીને મોક્ષ મેળવવા માટે આપ્યો છે; ભૂતકાળનાં દાટયાં મડાં ઉખાળવાં એ

આપણું કામ નથી એ જેમ આપણે સારી પેઠે સમજી લેવાની જરૂર છે, તેવીજ રીતે આજ ઘરમાં સડતાં મડાં ઘેલી આદરબુદ્ધિથી ગળે વળગાડી ન ફરતાં તેમને ઠેકાણે કરવાં, તેમનો અગ્નિસંસ્કાર કરવો, એ ધ્યાનમાં રાખવું તેટલુંજ જરૂરનું છે. આ દૃષ્ટિ રાખીનેજ સ્વદેશીનો ઉપાસક હમેશાં પોતાનો કર્તવ્યપથ નક્કી કરશે. કાળનો પ્રવાહ ઇશ્વરી ઇચ્છાને અનુસરીને વહી રહ્યો છે એ શ્રદ્ધા એના અંતરમાં ચિરકાલ દૃઢ રહેશે. એ પ્રવાહનું મૂળ ઢૂંઢવા એ નહિ દોડે. પ્રત્યેક મનુષ્ય પોતપોતાના પ્રાક્તનાનુસાર ઇશ્વરને હાથે દેશકાળના એક એક ચોકસ પ્રવાહમાં મૂકાએલો છે, અને તેથી કોઇપણ મનુષ્યે પોતાનો પ્રવાહ છોડી બીજા પ્રવાહમાં ભળવું એ પાપ છે. એજ રીતે એ પ્રવાહની સામે ચાલવા મથવું એ પણ અનુચિત છે. પોતાનાજ પ્રવાહમાં રહી તેમાંના કાંટાકચરા સાફ કરીને તેમજ પોતાના પ્રવાહમાં આવી મળનારાં ન્હાનાં મ્હોટાં નદીનાળાંઓને પણ શુદ્ધ અને નિર્મળ કરીને દરેકે મોક્ષ-સાગરને પાસે આણવો ઘટે. પ્રવાહ ભલે વાંક લઇલઇને વહે, જોરથી વહે કે ધીમે વહે. જ્યાંસૂધી સ્વધર્મનો કાંઠો છોડીને પરધર્મની મરૂભૂમિમાં એ નહિ જાય ત્યાંસૂધી અને ત્યાંજ સૂધી મોક્ષસાગર પ્રાપ્ત થવાની એને માટે આશા છે. પોતાનું વ્યક્તિતત્વ જાળવવું એજ મોક્ષનો રસ્તો છે.

# ૫

૧. સ્વદેશી એ એક ધર્મસિદ્ધાંત છે.

૨. 'अपापविद्ध' એવા પરમેશ્વરે આ વિશ્વની તેમજ તેમાંની પ્રત્યેક બાબતની શાશ્વતકાળને માટે યથાતથ વ્યવસ્થા કરી રાખેલી છે.* એ આ સ્વદેશીધર્મની શ્રદ્ધાનો પાયો છે.

૩. આ વ્યવસ્થા મુજબ એ વિધાતાએજ પ્રત્યેક જીવની આસપાસ તેને તેને ઘટતા સંજોગો ગોઠવી મૂકેલા છે.

૪. ભોગની ઇચ્છાથી અગર મોક્ષની ઇચ્છાથી માનવ જે જે કંઇ પુરૂષાર્થ કરેછે તે સર્વ આ સંજોગોને ધ્યાનમાં રાખીનેજ કર્યે તેનો છૂટકો છે. આ ઇશ્વરદત્ત સંજોગો આપણા ભોગની મર્યાદા અને મોક્ષની સીડી છે.

૫. જેમ દેહધર્મ, કુટુંબધર્મ, જ્ઞાતિધર્મ ઇ. વ્યકિતમાત્રને વળગેલા છે તેવીજ રીતે સમાજધર્મ, દેશધર્મ, ઇ. પણ એકેએક વ્યકિતને લાગૂ છે. આ ધર્મનું નામજ "સ્વદેશી".

૬. જેમ આપણો દેહ, આપણું કુટુંબ, ઇ. આપણે જાતે પસંદ નથી કરી શકતા, એ ઇશ્વરદત્ત વસ્તુ છે; તેવીજ રીતે આપણી સંસ્કૃતિ પણ ઇશ્વરદત્ત વસ્તુ છે. તેની સેવા કરવી એ આપણો ધર્મ થયો, ત્યાગ નહિ.

---

* જુઓ ઈશાવાસ્યોપનિષદ્ મંત્ર ૮.

૭. જેમ કોઇપણ હિન્દુ હિન્દુધર્મને વરી નથી શકતો, જન્મથીજ તેનો ધર્મ તેને વળગેલો છે; તેવીજ રીતે સ્વદેશીધર્મ પણ વ્યક્તિમાત્રને જન્મથીજ વળગેલો છે. તેનો સ્વીકાર કરવાપણું હોતુંજ નથી. એનું પાલન ન કરવું એજ પાપ છે.

૮. આ સ્વદેશીધર્મ દરેક બાબતમાં પાળવાનો છે; ધર્મમાં, સંસ્કૃતિમાં, સામાજીક રીતરિવાજોમાં, કુટુંબ-વ્યવસ્થામાં, રોજગારમાં, ભાષામાં, અર્થશાસ્ત્રમાં, રાજ્યપ્રકરણી વિષયોમાં; પહેરવેશ, કળાકૌશલ્ય, સર્વ બાબતોમાં—આ ધર્મનું પાલન થવું જોઇએ.

૯. જુદે જુદે કાળે અને પ્રજાજીવનનાં જુદાં જુદાં અંગોને વિષે આ ધર્મના પાલન ઉપર હુમલા થવાનો સંભવ હોય છે. માટે તે તે કાળે તે તે બાબતમાં આ ધર્મનું રક્ષણ કરવા ભગીરથ પ્રયત્ન કરવો એ યુગધર્મ છે.

૧૦ જૂના કાળમાં સમાજરચના ઉપર હુમલા થયા ત્યારે રોટીબેટીવહેવાર સખત કરી મૂકીને રક્ષણ કરવામાં આવ્યું. મુસલમાની આક્રમણ વેળાએ પણ જ્યારે જ્યારે પરંપરા નાશ પામવાનો વખત આવ્યો ત્યારે ત્યારે ધર્મને માટે પ્રાણ પણ આપીને પ્રજાએ ગોબ્રાહ્મણનું રક્ષણ કર્યું. આજ અર્થસ્રાવ વાટે દેશના પ્રાણ કંઠે છે; બુદ્ધિભેદ રૂપી જીવાત લાગીને દેશની સંસ્કૃતિમાં સડો પેઠો છે; અને પ્રજાજીવન મહેચ્છાહીન, અલ્પપ્રાણ બની રહ્યું છે. માતૃ-ભાષા સુદ્ધાં પદભ્રષ્ટ થઈ પોતાનાજ ઘરમાં દાસી સરખી એક ખૂણે આંસુ સારી રહી છે. માટે—

૧૧. આજે સ્વદેશ, સ્વભાષા, સ્વધર્મ, અને દેશી હુન્નરકળાઓનું બહુયત્નપૂર્વક રક્ષણ કરવું જોઇએ.

૧૨. શહેરો ગામડાંઓનું લોહી ચૂસી રહ્યાં છે, અને પરદેશોનો વેપાર શહેરોને નીચોવી રહ્યો છે. સ્વદેશી મીલો (મીલો અને એવાં કારખાનાંઓ સ્વદેશી સંસ્કૃતિનાં વિરોધી છે, તેથી સ્વદેશી મીલો એ "वदतो व्याघात" થયો.) કહાડવામાં આવે તો તે પણ હિન્દી કુટુંબજીવન ચૂંથી નાંખી પ્રજાજીવનનો પાયોજ કોરી મૂકે છે! આવી સ્થિતિમાં હાથ-વણાટજ એક તરણોપાય છે.

૧૩. જૂના કાળમાં આ સ્વદેશીવૃત્તિથીજ પ્રેરાઇને હિન્દુઓએ પરજાતિના હાથનાં અન્નજળ ગ્રહણ ન કરવાની પ્રથા પાડી. આજ એજ વૃત્તિ શ્રમવિભાગના તત્ત્વને લાગૂ કરવી ઘટે. શ્રમવિભાગ કરીને વિરાટ પાયા ઉપર દુનિયાની વ્યવસ્થા કરી બતાવવાની યૂરોપની મહત્ત્વાકાંક્ષા છે; પણ એ મહત્ત્વાકાંક્ષામાંજ નાશનું બીજ રહેલું છે. જેની આપણાપર પ્રીતિ નથી તેનો આપણે ઉપકાર નથી લેતા. જે આપણી જાતનો નથી, એટલે કે જેનો સામાજીક આદર્શ અને રહેણીકરણી આપણાસરખાં નથી તેની જોડે આપણે શરીરસંબંધ નથી બાંધતા. એજ નિયમ પ્રમાણે જેમનું આપણું જીવન એક વહેણે વ્હેતું નથી, જેમની આપણી સંસ્કૃતિમાં મેળ નથી, તેમની જોડેનો શ્રમવિભાગ કે સહકાર સ્વદેશીધર્મને માન્ય નથી. આ જ વિચારસરણી અર્થશાસ્ત્રની કસોટીમાં પણ ઉતરે તેવી છે.•

૧૪. નિરંકુશ હરીફાઇ સ્વદેશીધર્મની વિરોધી છે; કારણ તે સમાજની સ્થિરતા તેમજ સલામતીને ખૂંચવી લેનારી અને અસંખ્ય લોકોને અન્નાન્નદશાએ પહોંચાડનારી છે. પોતીકો ધંધો છોડીને બીજાના ધંધામાં પડવું સ્વદેશીને માન્ય નથી—

'श्रेयान् स्वधर्मो विगुणः परधर्मात् स्वनुष्ठितात् ।'

૧૫. બીજાના ધંધાનું જ્ઞાન મેળવવું અનુચિત નથી. દરેક વિષયમાં જાતે બુદ્ધિબળ વાપરીને શોધસુધારા કરવાનો હક વ્યકિતમાત્રને છે; પણ બીજાનો ધંધો ઉંચકીને ધંધા તરીકે તેની ઉપર ઉદરનિર્વાહ કે ધનસંચય કરવા તૈયાર થવું એ પાપ છે. સ્વદેશીધર્મમાં ફેરફારને માટે જગ્યાજ નથી એમ નથી; પણ તેની ચર્ચામાં અહીં નહિ ઉતરીએ.

૧૬. (ક) જૂના વખતમાં આ દેશના ઉદ્યોગોમાં કાપડ-વણાટનો ધંધો મ્હોટામાં મ્હોટો હતો.

(ખ) એજ હિન્દુસ્તાનમાંથી આજે વેપારને બ્હાને જે પૈસો પરદેશ જાયછે તેનો મોટો ભાગ કાપડની કિંમત રૂપે જાયછે.

(ગ) આજે હિન્દી ખેડૂત એકલી ખેતી ઉપર પોતાનું ગુજરાન નથી ચલાવી શકતો. એને પૂરતું કામ નથી મળતું.

(ઘ) જાપાની માલને દેશમાં આવવા દેવાથી અંગ્રેજોની પેઠેજ જાપાનને પણ હિન્દુસ્તાનની ઉપર લોભની પાપદષ્ટિ નાંખવાની

તક આપ્યાનું પાપ આપણે માથે આવવાનું; અને અગાઉ જેમ હિંદુ અને મુસલમાન લઢયા; કાળા અને ગોરા લઢયા; તેમ હવે પછી હિન્દી અને જાપાની લઢશે; અને એ પ્રમાણે નવીજ સંકટપરંપરા આપણેજ હાથે આપણે ઉભી કરી ગણાશે.

આટલા માટે હાથે સૂતર કંતાવીને તેનું કાપડ વણાવી તેજ વાપરવાનો આજ પ્રજાએ નિશ્ચય કરવો જોઇએ.

૧૭. આપણા દેશમાં ઘણે ઠેકાણે દૂધ વેચવું એ પાપ ગણાતું. દૂધનું ઘી કરીને જોઇએ તો વેચો પણ ગોરસ વેચવાનું નહિ. આ રિવાજના મૂળમાં સ્વદેશી સિદ્ધાંત રહેલો છે એ જરાક ઝીણવટથી જોતાં જણાઇ આવશે. આજકાલ આજ નિયમ રૂની બાબતમાં પણ લાગૂ કરવો જોઇએ. ધર્માચાર્યો, પંડિતો અને ધર્મને નામે બોલવાનો જેને જેને અધિકાર છે તેવા સૌકોઇએ આજ પ્રજાને કહેવું જોઇએ કે રૂ કપાસ વેચવાં એ મહાપાપ છે. રૂ કપાસનું સૂતર કાંતીનેજ વેચાતું જોઇએ. હિન્દુસ્તાનમાં પેદા થએલું રૂ હિન્દુસ્તાનમાંની હરકોઇ મીલમાં કંતાઇને તેનું સૂતર થવાની સામે અર્થશાસ્ત્રી ફરિઆદ નહિ કરે, પણ સ્વદેશીધર્મ મુજબ તો દરેક પ્રદેશનાં રૂ કપાસ જ્યાંનાં ત્યાંજ કંતાવાં જોઇએ. નફાતોટાનો વિચારજ એની વચ્ચે ન આવવો જોઇએ. એજ રીતે પોતપોતાની પંચકોશીમાં કંતાએલા સૂતરનું કાપડ વણવું એ એક મ્હોટું પુણ્યકર્મ છે એ ભાવના આજ પ્રજામાં જાગૃત થવી જોઇએ.

૧૮. કાપડની બાબતમાં આપણી તપશ્ચર્યા સફળ કરવાને આપણે ભગીરથ પ્રયત્ન કરવા જોઇએ; અને તે ફળરૂપ થયે કિંબહુના તે ચાલૂ રાખી તેની સાથેસાથેજ બીજી બાબતોમાં પણ સ્વદેશી પ્રયત્નો કરવા જોઇએ. ભાષા, પહેરવેશ, શિક્ષણપદ્ધતિ, સમાજબંધારણ, રાજ્યપ્રકરણ, એકેએક ક્ષેત્રમાં આ પ્રયત્ન શરૂ થવા જોઇએ—

૧૯. સ્વદેશી સિદ્ધાંત આપણી અર્થશાસ્ત્રની દૃષ્ટિને સંતોષનારો છેજ; છતાં એકલા અર્થશાસ્ત્રની દૃષ્ટિએ સ્વદેશીનું પ્રતિપાદન કરવું યોગ્ય નથી. કેવળ અર્થશાસ્ત્રની દૃષ્ટિ રાખીને સ્વદેશીવ્રત પાળ્યાથી યે આર્થિક લાભ તો થવાનોજ; પણ ધર્મ ગણીને તેનું પાલન કર્યાથી આર્થિક લાભ થવા ઉપરાંત પ્રજાને માટે મોક્ષનાં દ્વાર ખુલ્લાં થશે. વળી આપણા લોકોમાં હરકોઇ વાત ધાર્મિક ભાષામાં સમજાવવાથી તે તાબડતોબ સૌ કોઇને ગળે ઉતરે છે એ પણ લક્ષમાં લેવા જેવી વાત છે, જો કે અહીંઆં એ વિચાર ગૌણ સ્થાને છે.

૨૦. હિન્દુસ્તાનમાં ધર્મતેજ રહ્યું હોય, શ્રદ્ધા હોય, ત્યાગવૃત્તિ હોય, ઓછામાં ઓછું જરા દૂરનો સ્વાર્થ જોઇ શકવા જેટલી શુદ્ધદૃષ્ટિ યે હોય તો આ વ્રત આજ પ્રજાને હાથે પાર પડવુંજ જોઇએ.

धर्मसंस्थापनार्थाय ।

Printer M. N. Kulkarni, Karnatak Press, 434, Thakurdwar,
Bombay & Published by Swami Anand at
Satyagrahashram, Sabarmati.